આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- કલ્પનાબેન શાહ

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારખ:-28-06-2024 સમય:-સાજે ૬.૨૫ કલાકે

---

# નૌકા વિહાર પ્રવૃતિઓમાં સલામતી મુદ્દે જોગવાઈ સુચિત કરાઈ

રાજ્ય સરકારે સમગ્ર રાજ્યમાં નૌકા વિહાર પ્રવૃત્તિઓમાં સલામતી વધારવા માટે મુસદ્દારૂપ નિયમોની જાહેરાત કરી છે.

જળક્રીડા માટે વપરાતી ક્લાસ 'સી' ની નૌકાઓ માટેનાં નિયમન, સંચાલન અને સલામતી સુનિશ્ચિત કરવા માટે મુસદ્દારૂપ નિયમોને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે મંજૂરી આપી છે.

જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી 30 દિવસનાં સમયગાળામાં બંદરો અને વાહનવ્યવહાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર મારફતે વાંધા સૂચનો મંગાવ્યા છે, જેનો સમયગાળો પૂર્ણ થયા બાદ નિયમોને અંતિમ ઓપ આપવામાં આવશે.

બોટિંગ પ્રવૃત્તિ માટે ખાનગી સંસ્થાઓ સહિતનાં સંચાલકો માટે સલામતી ધોરણોનું કડક પાલન સુનિશ્ચિત કરવા કડક જોગવાઈઓ સૂચિત કરવામાં આવી છે.

આ નિયમો બંદરો અને વાહનવ્યવહાર વિભાગની વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

RNU અમદાવાદ

---

RNU BHUJ

## શાળા પ્રવેશોત્સવ- પ્રભારી સચિવ હર્ષદ પટેલ

'ઉજવણી ઉલ્લાસ મય શિક્ષણની" ટેગલાઈન સાથે  સમગ્ર રાજ્યની સાથે કચ્છ જિલ્લામાં પણ આજ સુધી શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ - ૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત શાળા પ્રવેશોત્સવના ત્રીજા દિવસે આજે પ્રભારી સચિવ હર્ષદ પટેલે લખપત તાલુકાના દોલતપર, આસલડી, રાણેશ્વર ગામે શાળા પ્રવેશોત્સવમાં અંદાજે **100** જેટલા બાળકોને બાલવાટિકા, પ્રથમ તથા નવામાં ધોરણમાં શાળા પ્રવેશોત્સવ કરાવ્યો હતો. આ પ્રસંગે તેમણે વાલીઓ પોતાના બાળકોને નિયમિત સ્કુલે મોકલે તે બાબત પર ભાર મુક્યો હતો.

**N.P**

---------------------------------------------------------------------------

## શાળા પ્રવેશોત્સવ- જિલ્લા કલેક્ટર

તો અંજાર ખાતે જિલ્લા કલેક્ટર અમિત અરોરાએ મહાનુભાવોની સાથે વિદ્યાર્થીઓને પ્રવેશ અપાવ્યો હતો. આંગણવાડી, બાલવાટિકા, ધોરણ -૧ અને ધોરણ-૮માં કુલ ૪૫, જયારે ધોરણ ૯માં ૭૯ વિદ્યાર્થીઓ અને ધોરણ ૧૧માં ૭૬ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હતો.

આ પ્રસંગે જિલ્લા કલેક્ટર અમિત અરોરાએ જણાવ્યું હતું કે, બાળકોને ગુણવત્તાસભર શિક્ષણ મળે તે આપણા સૌની સહિયારી જવાબદારી છે.

**મા.ખા**

---------------------------------------------------------------------------

## પ્રાકૃતિક ખેતી

કચ્છમાં પ્રાકૃતિક ખેતી કરવામાં અબડાસા તાલુકાના ખેડૂતો પણ અગ્રેસર છે. વરાડિયાના ઓસમાણ અલીમામદ બકાલી છેલ્લા ૧૪ વર્ષથી પ્રાકૃતિક ખેતી કરીને અન્ય કિસાનો માટે પ્રેરણારૂપ બન્યા છે. ઓસમાનભાઇ પ્રાકૃતિક રીતે મિલેટ પૈકી જુવાર,બાજરીનું નોંધપાત્ર ઉત્પાદન મેળવી રહ્યા છે. તેઓ ઉમેરે છે કે, પ્રાકૃતિક

ખેતીમાં હાલ ધાન્ય પાકમાં બાજરી, જુવાર ઉપરાંત રોકડીયા પાકમાં એરંડા, કપાસ જેવા પાક લઇ રહ્યા છે. જયારથી પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી છે. ત્યારથી જમીન તથા પાણીની ગુણવત્તા સુધરી છે.

મા.ખા.

---

## નશાકારક દ્રવ્યોની ભયાનક અસરો સામે જાગૃતિ કાર્યક્રમ

વિશ્વભરમાં ૨૬ જૂનના ડ્રગના દુરુપયોગ અને ગેરકાયદેસર હેરફેર સામે આંતરરાષ્ટ્રીય દિવસની ઉજવણી કરવામાં આવે છે. જે અંતર્ગત કંડલા ખાતે કામદાર સંમેલનમાં નશાકારક ડ્રગ્સની ભયાનક અસરો સામે જનજાગૃતિ અભિયાન યોજવામાં આવ્યું હતું.

આ અભિયાન અંતર્ગત નાગરિકો અને ખાસ કરીને યુવાનોને ડ્રગ્સની ખરાબ અસરો અંગે માહિતી અને માર્ગદર્શન આપીને "નશામુક્ત ભારત "ના સ્વપ્નને સાકાર કરવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કામદારોને માદક દ્રવ્યોથી દૂર રહેવા પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી.

મા.ખા.

---

## વરસાદની સંભાવના વચ્ચે વાગડમાં વરસાદ

રાજયમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ઘણા સ્થળોએ આગામી 24 કલાકમાં ભારેથી અતિભારે વરસાદ જયારે આગામી ચાર દિવસોમાં રાજયના મધ્ય અને દક્ષિણ ગુજરાત તેમજ સૌરાષ્ટ્રના ઘણા સ્થળોએ હળવોથી ભારે વરસાદ થવાની શકયતા છે.

ત્યારે છેલ્લા ત્રણ – ચાર દિવસથી જિલ્લામાં થઈ રહેલી મેઘ મહેર આજે પણ કેટલાક વિસ્તારોમાં ચાલુ રહી હતી. જેમાં આજે બપોર બાદ વાગડ વિસ્તારમાં

મેઘરાજાએ હાજરી પુરાવી હતી. તો ભુજ તાલુકાના ખાવડા વિસ્તારમાં પણ વરસાદ વરસ્યો હોવાના અહેવાસ સાંપડ્યા છે.

કલ્પના શાહ

---

## માંડવી શાળા પ્રવેશોત્સવ

માંડવીના ધારાસભ્ય અનીરૂધ્ધ દવેના અધ્યક્ષસ્થાને  મુન્દ્રા તાલુકાના વિવિધ ગામોમાં પ્રાથમિક અને માધ્યમિક શાળામાં “શાળા પ્રવેશોત્સવ” કાર્યક્રમ યોજાયા હતા. જેમાં. ભોપાવાંઢ ગામે સરકારી પ્રાથમિક શાળા ખાતે કુલ ૨૮ બાળકોને પ્રવેશ મહેમાનો દ્વારા કરાવાયો હતો. ટુંડા ગામે સરકારી પ્રાથમિક શાળા ખાતે કુલ ૪૦ બાળકોને પ્રવેશ કરાવાયો હતો. મોટા કાંડાગરા ગામે પ્રાથમિક અને માધ્યમિક શાળામાં કુલ ૮૦ બાળકો ને પ્રવેશ અપાવ્યો હતો.

**RNU અમદાવાદ**

---

## ભૂકંપ

લખપત તાલુકાના દયાપર ખાતે બપોરે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. જેનું કેન્દ્ર બિંદુ લખપતથી **25** કિમી દૂર પાકિસ્તાનમાં નોંધાયું હોવાનું જણાવાયું છે. **3.4**ની તિવ્રતા ધરાવતો આંચકો સરહદ નજીક પાકિસ્તાનના નિર્જન સ્થળે અંકિત થયો હતો. જેની સામાન્ય અસર લખપતના વડા મથક દયાપરમાં વર્તાઈ હતી.

**RNU ઓફિસ**

---